# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

SGCCI

રેફ નં. તા: ૨૮/૦૩/૨૦૨૪

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બર દ્વારા SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪ અંતર્ગત 'એકસ્પ્લોર ઇન્વેસ્ટમેન્ટ ઓપોર્ચ્યુનિટીઝ ઇન સાઓ પૌલો' વિશે સેશન યોજાયું

## બ્રાઝીલના સાઓ પૌલો શહેરના ચીફ કાઉન્સીલર કાર્લોસ આગુસ્તો જતાહી ડીકયુ એસ્ટ્રાડા જુનિયરે સુરતના ઉદ્યોગકારોને તેમના શહેરમાં સોલાર પેનલ, ટેક્ષ્ટાઈલ અને દવાના ઉત્પાદન માટે મેન્યુફેકચરીંગ યુનિટ સ્થાપવા અનુરોધ કરી વિવિધ ઉદ્યોગ – ધંધાઓ તેમજ ક્ષેત્રોમાં રોકાણ કરવા આમંત્રણ આપ્યું

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪ અંતર્ગત બુધવાર, તા. ૨૭ માર્ચ, ૨૦૨૪ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે સંહતિ, સરસાણા, સુરત ખાતે 'એકસ્પ્લોર ઇન્વેસ્ટમેન્ટ ઓપોર્ચ્યુનિટીઝ ઇન સાઓ પૌલો' વિશે સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બ્રાઝીલ સ્થિત સાઓ પૌલોના ચીફ કાઉન્સીલર કાર્લોસ આગુસ્તો જતાહી ડીકયુ એસ્ટ્રાડા જુનિયરે સુરતના ઉદ્યોગકારોને તેમના ત્યાં વિવિધ ઉદ્યોગો તથા ક્ષેત્રોમાં રહેલી બિઝનેસની તકો વિશે વિસ્તૃત જાણકારી આપી તેમના દેશમાં રોકાણ કરવા માટે આમંત્રણ આપ્યું હતું.

આ સેશનમાં ઇન્ડો–બ્રાઝીલ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના નેશનલ જનરલ સેક્રેટરી પૌલો અઝેવેદીએ પણ સુરતના ઉદ્યોગકારોને માર્ગદર્શન આપ્યું હતું. સુરતના ઉદ્યોગકારો સાથે તેઓએ વન ટુ વન બિઝનેસ મિટીંગ પણ કરી હતી, જેમાં તેઓએ સુરતથી કઇ કઇ પ્રોડકટ એક્ષ્પોર્ટ કરી શકાય તે અંગે જાણકારી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ રમેશ વઘાસિયાએ સેશનમાં સર્વેને આવકાર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, છેલ્લા ૨૭ વર્ષોમાં ભારતની બ્રાઝિલમાં નિકાસ વાર્ષિક ૧૬.૮ ટકાના દરે વધી છે, જે ૧૯૯૫માં ૧૪૭ મિલિયન યુએસ ડોલરથી વધીને વર્ષ ૨૦૨૨માં ૯.૭૮ બિલિયન યુએસ ડોલર થઇ છે. ૨૦૨૧માં, ભારત બ્રાઝિલનો પાંચમો સૌથી મોટો વેપારી ભાગીદાર બન્યો અને ભારત અને બ્રાઝિલ વચ્ચેનો દ્વિપક્ષીય વેપાર ૨૦૨૦માં ૭.૦૫૨ બિલિયન યુએસ ડોલરની સરખામણીએ ૬૩.૫ ટકા વધીને ૧૧.૫૩ બિલિયન યુએસ ડોલર થઇ ગયો. ૨૦૨૨માં, દ્વિપક્ષીય વેપાર વધુ ૩૨ ટકા વધીને ૧૫.૨ બિલિયન યુએસ ડોલર (ભારતની નિકાસ ૮.૮ બિલિયન યુએસ ડોલર અને આયાત ૬.૪ બિલિયન યુએસ ડોલર) થયો.

બ્રાઝિલમાં ભારતની મુખ્ય નિકાસમાં પ્રોસેસ્ડ પેટ્રોલિયમ ઉત્પાદનો, એગ્રો–કેમિકલ્સ, રસાયણો, ફાર્માસ્યુટિકલ્સ, એન્જિનિયરિંગ ઉત્પાદનો, ટેક્ષ્ચર ફિલામેન્ટ યાર્ન અને અનરોટ એલ્યુમિનિયમનો સમાવેશ થાય છે. બ્રાઝિલમાં ભારતીયોનું કુલ રોકાણ ૬ બિલિયન યુએસ ડોલરથી વધુ હોવાનો અંદાજ છે. ભારતમાં બ્રાઝિલનું રોકાણ લગભગ ૧ બિલિયન યુએસ ડોલર છે. બ્રાઝિલે ૨૦૧૯માં ઈન્ટરનેશનલ સોલર એલાયન્સ (ISA) કરાર પર હસ્તાક્ષર કર્યા હતા અને ડિસેમ્બર, ૨૦૨૨માં આ કરારને બહાલી આપી હતી.

ચેમ્બર પ્રમુખે SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪ અંગે બ્રાઝીલના સાઓ પૌલો શહેરના ચીફ કાઉન્સીલરને વાકેફ કરી તેમના શહેરના બિઝનેસમેનોના ડેલીગેશનને સુરત ખાતે વિવિધ ઉદ્યોગ – ધંધાઓની મુલાકાત માટે આવવા આમંત્રણ આપ્યું હતું, જેનો તેઓએ સહર્ષ સ્વીકાર પણ કર્યો હતો.

બ્રાઝીલના સાઓ પૌલો શહેરના ચીફ કાઉન્સીલર કાર્લોસ આગુસ્તો જતાહી ડીકયુ એસ્ટ્રાડા જુનિયરે સુરતના ઉદ્યોગકારોને સંબોધતા જણાવ્યું હતું કે, લેટિન અમેરિકાના જીડીપીમાં બ્રાઝીલનું ૩૦ ટકા યોગદાન છે અને સાઓ પૌલો શહેર એ બ્રાઝીલનું ઇકોનોમિક એન્જિન છે, જ્યાં ઉદ્યોગ – ધંધાઓ વિકસ્યા છે. સાઓ પૌલો ખાતે ટેક્ષ્ટાઈલ, ફાર્માસ્યુટીકલ, રીન્યુએબલ એનર્જી, સોશ્યલ ડેવલપમેન્ટ ક્ષેત્રના ડેવલપમેન્ટ માટે વધારે ભાર આપવામાં આવી રહયો છે. તેમના ત્યાં ખાંડ અને ઓરેન્જ જ્યુસ વધારે માત્રામાં બને છે. આ ઉપરાંત સાઓ પૌલો એ ટેકનોલોજીનું હબ પણ ગણાય છે, આથી તેમણે સુરતના ઉદ્યોગકારોને સોલાર પેનલ, ટેક્ષ્ટાઈલ અને દવાના ઉત્પાદન માટે સાઓ પૌલોમાં મેન્યુફેકચરીંગ યુનિટ સ્થાપવા અનુરોધ કર્યો હતો.

તેમણે ઉદ્યોગકારોને બ્રાઝીલના સાઓ પૌલો શહેરમાં વિવિધ ઉદ્યોગ – ધંધાઓમાં સ્વતંત્રપણે તેમજ સંયુકત રીતે પણ રોકાણ કરવા માટે આમંત્રણ આપ્યું હતું. તેમણે કહયું હતું કે, સાઓ પૌલોમાં ફેડરલ કાયદાનો અમલ થાય છે અને ત્યાંની સરકાર અને મ્યુનસિપાલિટી બિઝનેસ કરવા માટે ઉદ્યોગકારોને સહયોગ આપે છે. આ ઉપરાંત તેમના દેશની બેંકો દ્વારા ઉદ્યોગ – ધંધા માટે લોન પણ આપવામાં આવે છે. વધુમાં તેમણે કહ્યું હતું કે, સાઓ પૌલો ખાતે ઉત્પાદન કરનાર ઉદ્યોગકારો તેમની પ્રોડકટ આખા લેટિન અમેરિકામાં ડયુટી ફ્રી એક્ષ્પોર્ટ પણ કરી શકે છે.

ચેમ્બર ઓફ કોમર્સના SGCCI ગ્લોબલ કનેકટ મિશન ૮૪ના સીઇઓ પરેશ ભટ્ટે સેશનનું સંચાલન કર્યું હતું અને સર્વેનો આભાર પણ માન્યો હતો. મિશન ૮૪ની કોર કમિટીના સભ્ય ચિરાગ ખિમાણીએ બ્રાઝીલના સાઓ પૌલો શહેરના ચીફ કાઉન્સીલર કાર્લોસ આગુસ્તો જતાહી ડીકયુ એસ્ટ્રાડા જુનિયરનો પરિચય આપ્યો હતો. સુરતના ઉદ્યોગકારોના એક્ષ્પોર્ટ સંબંધિત વિવિધ પ્રશ્નોના ચીફ કાઉન્સીલરે સંતોષકારક જવાબો આપ્યા હતા અને ત્યારબાદ સેશનનું સમાપન થયું હતું.